ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૫ ટકા

# સે-૨૪ અને ૨૫ ફરતે કમ્પાઉન્ડ વોલનું કાર્ય શરૂ થવાની વાટ જોઈ રહેલા વસાહતીઓ

## જુની કમ્પાઉન્ડ વોલ જર્જરીત હાલતમાં : અનેક સેક્ટરોમાં નવી કમ્પાઉન્ડ વોલ બનાવાઈ પરંતુ હજુ અહીં કામગીરી શરૂ કરવામાં ના આવતાં વસાહતીઓના મનમાં કચવાટ






ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં પાટનગરની રચના સાથે જ દરેક સેકટરને કમ્પાઉન્ડ વોલની સુરક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમયાંતરે આ કમ્પાઉન્ડ વોલ તુટી જતાં તેને તંત્ર દ્વારા પુનઃ નિર્માણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે જે અંતર્ગત અનેક સેકટરમાં નવી કમ્પાઉન્ડ વોલ તૈયાર થઈ ગઈ છે. જો કે શહેરમાં સૌથી ગીચ વસ્તી ધરાવતાં સેકટરો પૈકીના એક એવા સેકટર-૨૪ને હજુ પણ કમ્પાઉન્ડ વોલથી પુનઃનિર્માણની સુવિધાનો લાભ મળ્યો નથી. આ સાથે જ સે-૨૫ પણ કમ્પાઉન્ડ વોલ માટે વેઈટીંગમાં જ રહયું હોવાથી આ બન્ને સેકટરના વસાહતીઓના મનમાં કચવાટ જોવા મળી રહયો છે. કેમકે બંને સેકટરની જુની કમ્પાઉન્ડ વોલ તુટી ગઈ હોવાથી સ્થાનિકો પરેશાની ભોગી રહયા છે. શહેરમાં દરેક સેકટર ફરતે વસાહતીઓની સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલ બનાવાયેલી હતી જેના પુનઃનિર્માણ કામગીરી અંતર્ગત સેકટરો ફરતે નવી કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી રહી છે. શહેરમાં ઘણા બધા સેકટરોમાં નવી કમ્પાઉન્ડ વોલ બનાવાઈ છે પરંતુ સેકટર-૨૪ અને ૨૫માં નવી કમ્પાઉન્ડ વોલ બનાવવાના કાર્યમાં કોઈ પ્રકારની હલચલ વસાહતીઓને જણાઈ નથી રહી જેના કારણે તેમના મનમાં કચવાટ ઉભો થઈ રહયો છે. સેકટર ફરતેની કમ્પાઉન્ડ વોલથી વસાહતીઓને ચોરી-ચકારીથી માંડીને રખડતાં ઢોરો વગેરેથી સુરક્ષા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત કમ્પાઉન્ડ વોલને કારણે મુખ્ય માર્ગો ઉપર શોર્ટ કટને લઈને ધસી આવતાં વાહનચાલકોને કારણે સર્જાતું અકસ્માતનું જોખમ પણ ઓછુ થઈ જાય છે. સેકટર-૨૪ શહેરનું સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતા સેકટરો પૈકીનું એક ગણાય છે. જયાં શાકભાજીથી માંડીને મોબાઈલ જેવા ઈલેકટ્રોનિક્સ માર્કેટ સ્થાનિક હોલસેલ તેમજ રીટેલ બજારો વિકસ્યા છે. આ સાથે સેકટર-૨૫ પણ હજુ નવી કમ્પાઉન્ડ વોલથી વંચિત રહેવા પામ્યુંછે. જો કે હજુ આ બંને સેકટરોમાં નવી કમ્પાઉન્ડ વોલનું કાર્ય હાથ ધરાયું નથી તે પાછળ સ્થાનિક રાજકારણ અને અગ્રણી નેતાઓ પણ ગેરકાયદેસર કોમર્શિયલ દબાણકર્તાઓની પકકડ હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહયું છે. જેના કારણે વસાહતીઓને ભોગવવાનું આવી રહયું છે. સત્વરે આ બંને સેકટરો ફરતે કમ્પાઉન્ડ વોલનું કાર્ય હાથ ધરાય તેવું સ્થાનિક વસાહતીઓ ઈચ્છી રહયા છે.



નેશનલ ફેડરેશન ઓફ સ્ટેટ કોઓપરેટીવ બેંક અને સહકાર મંત્રાલય (ભારત સરકાર) ના ઉપક્રમે વિજ્ઞાન ભવન (ન્યુ દિલ્હી) ખાતે યોજાયેલા ગ્રામીણ સહકારી બેંકોના રાષ્ટ્રીય સંમેલનમાં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના વિસલપુર ગામની વિસલપુર સેવા સહકારી મંડળી લી. ને ગ્રામીણ અને કૃષિ વિકાસ તેમજ સહકારી ક્ષેત્રે ૧૦૦ વર્ષ ઉપરાંત મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ દેશના ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે કૃભકો (ન્યુ દિલ્હી)નાં ડીરેકટર પરેશભાઈ પટેલ તથા મંડળીના ચેરમેન વિનોદભાઈ પટેલને અવોર્ડ મળ્યો હતો.



દર વર્ષની જેમ જન્માષ્ટમીની ઉજવણી પ્રસંગે કાનજી મહારાજનો કાનુડો કાઢીને દરેક વર્ગના પરિવારો દ્વારા કાનુડો રમવાની પરંપરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ જન્માષ્ટમી આનંદ ભેર ઉજવી રહ્યા છે. નંદ ઘેર આનંદ ભયોના જય કનૈયા લાલકીના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતું. કાનુડાના ગીતો ગાઈને કાનુડાની આજુબાજુ ગરબે રમીને આનંદ માણી રહ્યા હતા.



ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા ચાલતા યોગ વર્ગ સેક્ટર ૪ ગાર્ડન ખાતે યોગ કોચ આશા મેહતા દ્વારા જન્માષ્ટમી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના ભૂલકાઓ રાધા અને કૃષ્ણના પહેરવેશ ધારણ કરી મટકી ફોડી, નંદ ઘેર આનંદ ભયોના નાદથી યોગી ભક્તોએ આનંદ માણ્યો હતો.




બ્રાહમણ સમાજ સંચાલીત શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા કમુબા સંકુલ ખાતે ભવ્ય શિવ પુરાણ કથાનુ આયોજન થયુ છે તેના ત્રીજા દિવસે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

## પૂજન ડાન્સ એકેડમીમાં જન્માષ્ટમીની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૦

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે પૂજન ડાન્સ એકેડમી, લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર તથા ગાયત્રી પરિવાર દ્વારા 'નંદરાયની ડેલી, હરખની હેલી' નૃત્યનાટિકાઓની રમઝટ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમપૂર્વક ૪૦ કલાકારો દ્વારા પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા પ્રસ્તુતી તૈયાર કરવામાં આવી હતી. દિપ પ્રાગટ્ય, ગાયત્રી વંદના, બાળકો દ્વારા મટકીફોડ, કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નૃત્યની રમઝટ દ્વારા સૌ કોઈ કૃષ્ણમય બની ગયા હતા. લાયોનેસ ક્લબના પ્રમુખ પ્રિતીબેન શર્મા તેમજ સેક્રેટરી વિમળાબેન આયાચી દ્વારા બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમાં સુનિલભાઈ ત્રિવેદી, શૈલાબેન ત્રિવેદી, રૂપેશભાઈ ગજ્જર, ગાયત્રી પરિવારના પ્રમુખ રાજુભાઈ પટેલ, શર્મિષ્ઠાબેન ઉપસ્થિત રહ્યા હતા. 'નંદ ઘેર નંદ ભયો, ઉપર સૌ બહેનોએ ગરબા લીધા હતા. રાધા-ક્રિષ્ણના હોલી નૃત્ય, રાસ તેમજ 'મહાભારત'ની થીમ પર નૃત્ય કરીને સૌના મન મોહી લીધા હતા. કાજલ, અવની રાવલ, ખુશી ભેડા, જીયા ગજ્જરે કાર્યક્રમને સફળ બનાવવા માટે ખુબ જ મહેનત ઉઠાવી હતી.

## સેકટર-૪/ડીમાં મેલડી ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૦

મા મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધુરકંઠે આનંદનો ગરબો અને સે. ૪-ડીના નીતાબેન કે. ગજ્જરને ત્યાં દિપેન, ધ્વનિ, કિયોશ, કૃષ્ણ સ્વરૂપ (નાનો ભુલકો) અનો સે. ૪-ડીનું દુર્ગાભજન મંડળ સૌ સાથે મળી જન્માષ્ટમી ઉત્સવ સે. ૪-ડીમાં પ્લોટ નં. ૯૧૫/૧ નીતાબેન કે. ગજ્જરના ત્યાં આનંદ ઉત્સાહથી આનંદનો ગરબો યોજાયો હતો. ભજનમાં તરબોડ કરનાર મધુબેન કે. કડીકર અને સે. ૪-ડીના દુર્ગા મહિલા મંડળ ખૂબ ઉત્સાહપૂર્વક મટકી ફોડનો કાર્યક્રમ યોજીને સૌના હૈયામાં ભક્તિમય માહોલ છવાયો હતો.

## ગાંધીનગર ટેકવોન્ડો એસો.દ્વારા જન્માષ્ટમીની ઉજવણી




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા જન્માષ્ટમીની ઉજવણી સેક્ટર-૩ ખાતે સાદગીપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસો. સંસ્થાના વિદ્યાર્થીઓએ રાધા-કૃષ્ણ તથા ગોપીઓની વેશભૂષા ધારણ કરીને મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે ભાઈઓ-બહેનો અને દિકરીઓએ ભગવાન કૃષ્ણના ગીતો પર રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં હર્ષોલ્લાસ સાથે ભક્તો જોડાયા હતા સાથે બેસ્ટ ટ્રેડિશનલ ડ્રેસને ઈનામ તથા સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મહિલા વિકાસ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના લક્ષ્મી જોશી, ગાંધીનગર મહાનગરપાલિકાનાં સંયોજક અને યોગ કોચ ભાવના જોશી, ફિલ્મ ડિરેક્ટર જગદીશ સોની, કોચ રોનક કંસારા, દિવ્યાંગ શ્રીમાળી, સ્પોર્ટ્સ ફિઝિયા થેરાપીસ્ટનાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા, આર્કિટેક અને ઈન્ટિરિયર ડિઝાઈનર શચી લેકિનવાલા, વીંન્ટેજ બ્યુટી પાર્લર અને ટેટૂ સ્ટુડિયોના અદિતિ ત્રિવેદી, ગુજરાત સ્ટેટ યોગ બોર્ડના ટીમ લીડર સ્નેહા પટેલ અને શાળાના પ્રિન્સિપાલ ભારતીબેન મેવાડા વિશેષ ઉપસ્થિત રહી આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.

## નેચર ફર્સ્ટ સંસ્થાનું ૫૫મું પ્લાસ્ટિકમુક્ત સપ્તાહ



ગાંધીનગર, તા. ૨૦

નેચર ફર્સ્ટ દ્વારા શનિવારે પ્લાસ્ટિકમુક્ત અભિયાન મિશનના ૫૫માં સપ્તાહમાં ઘ-૬ શોપીંગ સેન્ટર ખાતે પ્લાસ્ટિકમુક્ત અભિયાન યોજાયું હતું અને નાગરિકોને પ્લાસ્ટિકમુક્ત ગાંધીનગર અભિયાનમાં જોડાવાની અપીલ પણ કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી




હર્ષનંદિનીબા રવિરાજસિંહ ગોહિલ



તુષાર બારોટ
સિનિયર પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬




ભાવનાબેન વિશાલ મકવાણા
મો. ૮૭૩૫૮૭૧૦૪૦




પરી દીપકભાઈ પરમાર
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



હિતેન્દ્રસિંહ ડાભી
મો. ૯૮૨૫૮ ૯૨૧૮૬



ધ્યાન ઋષિકેશ અમીન
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭



જીઆન ચેતનકુમાર પારેખ
મો.૯૩૧૬૧ ૦૯૩૧૩



કનુ સોલંકી
મો. ૯૯૯૮૦ ૪૫૦૧૭



ડો. વિજયકુમાર ગઢવી
હેડ ઓફ ડીપાર્ટમેન્ટ,
સીઈએસએસઆઈટી, ભાટ



પૂર્વી રાણા



ઉત્તરા આર.દુલેરા



અભિષેક આચાર્ય

## રોટરી ક્લબ દ્વારા જન્માષ્ટમીના લોકમેળામાં પાણીની પરબ




ગાંધીનગર, તા.૨૦

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા પંચદેવ મંદિર સેક્ટર ૨૨ ખાતે જન્માષ્ટમી પર યોજાતા મેળામાં ઘણા વર્ષોથી પાણીની પરબનું આયોજન રોટરી ફિઝીઓથેરાપી સેન્ટર સેક્ટર ૨૨ ખાતે કરવામાં આવે છે. આ વર્ષે પણ રોટેરીયન રાકેશ પારેખ અને રોટેરીયન દિલીપભાઈ પટેલના નેતૃત્વમાં ખુબ સરસ રીતે મિનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. મેળામાં દુર દુરના ગામડાઓમાંથી આવતા લગભગ ૧૨૦૦૦થી વધુ ભાવિક ભક્તોએ તરસ છિપાવી ધન્યતા અનુભવી હતી. રોટેરિયન જશવંત ગાંધી, કિરણ પટેલ, દિનેશસિંહ ચાવડા, બાબા સાહેબ, ભારતજી, નીતિનભાઈ તથા રોટ્રેક્ટ પ્રમુખ ધૈર્ય અને તેમની ટીમ દ્વારા ખુબ જ સરહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ ગાંધીનગર ના પ્રમુખ રોટેરીયન ડોકટર જગદીશ પટેલ અને સેક્રેટરી ડોકટર પારસ ઉચાટ દ્વારા સર્વે રોટરી મેમ્બર્સ નો આભાર વ્યક્ત કર્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ઠાકોર ચંપાબેન મણાજી** ઉ.વ.૭૮, ઈન્દ્રોડા
- **સ્વ.ડેલાડીયા કંચન મગનલાલ** ઉ.વ.૬૭, વરસોડા, માણસા
- **સ્વ.ઠાકોર રામાજી સોમાજી** ઉ.વ.૭૦, ઈન્દ્રોડા
- **સ્વ.પંચાલ રમણલાલ અંબાલાલ** ઉ.વ.૭૧, ધણપ
- **સ્વ.સોલંકી ગજીબેન અમાજી** ઉ.વ.૯૫, બુટાકીયા (ડભોડા)
- **સ્વ.ઠાકોર આત્મારામભાઈ સોમાજી** ઉ.વ.૮૦, ઈરાણા, કડી
- **સ્વ.વણઝારા પપ્પુજી કોનાજી** ઉ.વ.૪૮, લેકાવાડા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.અટોદરીયા રામસિંહ મોહનસિંહ** ઉ.વ.૭૭, સે-૪
- **સ્વ.વાઘેલા બળવંતભાઈ અમૃતલાલ** ઉ.વ.૭૭, કુડાસણ